**ફોજદારી ઈન્કવાયરી નં. ૯/૨૦૨૬**

**<u>::આંક ૧ લગત હુકમ::</u>**

ફરિયાદ વંચાણે લીધી. રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. ફરિયાદીના વિ.વ.શ્રી.ને સાંભળ્યા. ફરિયાદી દ્રારા હાલની ફરિયાદ ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ−૧૩૮ હેઠળ દાખલ કરવામાં આવેલી છે. આરોપી અત્રેની કોર્ટની હકુમત બહાર રહેતા હોઈ નામદાર સુપ્રિમ કોર્ટના Suo Motu Write Petition (criminal) no.2/2020 dated 16-04-2021 તથા નામ.ગુજરાત હાઈકોર્ટનાં પત્ર નં.A/0751/2008 dated 22-04-2022 ધ્યાને લેતા હાલની ફરિયાદ ક્રિ.પ્રો.કોડ કલમ−૨૦૨ મુજબ કોર્ટ ઈન્કવાયરીમાં રાખવામાં આવેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઈન્કવાયરીના કામે ફરિયાદીના વકીલશ્રીને સાંભળ્યા.

આમ, હાલની ફરિયાદ તથા ફરિયાદ સાથે રજુ કરેલ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ−૧૪૫ અન્વયેનું સોગંદનામું તથા સોગંદનામા સાથે અલગ લિસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. તે તમામ હકીકતો ધ્યાને લેતા હાલના આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ−૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યના તહોમત અંગે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી શકાય તેવા વ્યાજબી અને પુરતા કારણો જણાઈ આવે છે.

સબબ હાલની ફરિયાદ જોઈ તપાસી <u>ફોજદારી કેસોના રજીસ્ટરે લેવી તેમજ ઉપરોકત ગુન્હાનો જવાબ દેવા સારુ અત્રેની અદાલતમાં **મુદત તારીખ ૦૬/૦૬/૨૦૨૬** નારોજ સવારે ૧૦−૪૫ કલાકે હાજર રહેવા આરોપીને સમન્સ કાઢવો.</u>

**કલોલ.**
**તા. ૧૬/૦૪/૨૦૨૬**

**(પી.જે.સુરતી )**
**જ્યુડી. મેજી. ફ.ક.**
**કલોલ.**
**GJ01570**